ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૪ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૪૨ ટકા

# રીલાયન્સ ચોકડી ખાણીપીણી બજાર જાણીતું બન્યું



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરનો રોકેટ ગતિએ વિકાસ થતા નગર જેવડું બીજુ નગર નિર્માણ પામ્યું છે. જુના સેકટરોના વેપાર રોજગારો પડી ભાંગ્યા છે તેવી સ્થિતિમાં ન્યું ગાંધીનગરમાં વેપાર રોજગારમાં તેજી જોવા મળે છે. ઈન્ફોસીટી બાદ રીલાયન્સ ચોકડી વિસ્તારમાં રાત્રીના સમયે ખાણીપીણી બજાર તરીકે જાણીતુ બન્યું છે.

ગાંધીનગર-અમદાવાદ ટવીન સીટી બનવા જઈ રહ્યું છે. શહેરનો વિકાસ થતા કોબા સુધી હોટલ અને મકાનો બની ગયા છે. ત્યારે ન્યુ ગાંધીનગરમાં કુડાસણ, રાંદેસણ, રાયસણ અને સરગાસણ વિસ્તારમાં સૌથી વધુ ફેલટ, દુકાનો મકાનો જોવા મળી રહ્યા છે. આ વિસ્તાર સમગ્ર દિવસ દરમિયાન માનવ મહેરામણથી ધમધમી રહ્યો છે. ન્યું ગાંધીનગરમાં મોટીમોટી રાષ્ટ્રીય કક્ષાની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓ, મોટી કંપનીઓ હોવાથી ત્યાં નાગરીકોની અવરજવર વધુ રહે છે. વિદ્યાર્થીઓ અને નોકરી કરતા યુવાવર્ગને પોતાની નજીકમાં ઘર રાખીને વસવાટ કરે છે. જેથી રહેવા-જમવા તેમજ સરળતાથી પોતાના નોકરીના સ્થાને તેમજ ભણવા માટે જઈ શકે. ત્યારે સમગ્ર ગુજરાતની ખ્યાતનામ ચીજવસ્તુઓ અહીં જમવા માટે મળી રહે છે. ચા- લઈને ચાઈનીઝ અને મસાલાથી લઈને મેકસીકન ફુડ આ વિસ્તારમાં જમવા માટે મળે છે. જયારે સાથે ગુજરાતી,'પજાબી, કાઠીયાવાડી, પાઉંભાજી, સહિતની વાનગીઓ મોડીરાત સુધી મળી રહે છે. ત્યારે રાત્રીના સમયે આ વિસ્તારનો મિજાજ કંઈક અલગ હોય છે. શહેરનો આ વિસ્તાર સાંજ ઢળતા જ ખાણીપીણી બજારમાં પલટાઈ જાય છે. જયારે સ્વાદીષ્ટ અને ચટાકેદાર વાનગીઓ રેગ્યુંલર ભાવમાં સરળતાથી મળતા સામાન્ય નાગરીકો પણ પરિવાર સાથે આ વિસ્તારની મુલાકાત લેવાનું પસંદ કરે છે. ત્યારે રીલાયન્સ ચોકડી વિસ્તારમાં ખાણીપીણી બજાર જામતું જાય છે.

## હોમગાર્ડઝ યુનિટની ધ્યાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર હોમગાર્ડઝ શહેર યુનિટ દ્વારા સમર્પણ મેડીટેશન કેમ્પ તેમજ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિવકૃપાનંદ સ્વામી આશ્રમ દ્વારા ૬ ડિસેમ્બર ૨૦૧૮ ની ઉજવણી નિમિતે જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ દ્વારા ગાંધીનગર શહેર હોમગાર્ડ યુનિટની અઠવાડીક પરેડ તા. ૧૩ અને ૧૪ ડિસેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ કચેરી ખાતે યોગ પ્રભા ભારતી સેવા ટ્રસ્ટના ટીમના સાધકોએ ધ્યાન યોગનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર યુનિટના ઓફિસર કમાન્ડીંગ પ્રદિપસિંહ સોઢા, દિલીપસિંહ ચાવડા, ઉવારસદ યુનિટના ઓફિસર ઈન્ચાર્જ અનિલભાઈ પારેખ, ટીટોડા યુનિટના ઓફિસર ઈન્ચાર્જ સરદારજી ઠાકોર, આદરજ યુનિટના ઈન્ચાર્જ ગોવિંદજી ઝાલા, તેમજ રમેશજી ઠાકોર ગાંધીનગર યુનિટના ૨૫૦ હોમગાર્ડઝ અધિકારીઓ (મહિલા-પુરુષ) સભ્યોએ ઉપસ્થિત રહી ઉત્સાહપૂર્વક ધ્યાન શિબિરમાં જોડાયા હતા.

## કડી કેમ્પસ ખાતે પ્રકૃતિમાં શિક્ષણ વિષય પર વકતવ્ય યોજાશે

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ અંતર્ગત પ્રકૃતિમાં શિક્ષણ અને પ્રકૃતિનુ શિક્ષણ વિષ પર વકતા તરીકે મણિલાલ હ.પટેલ (સુવિખ્યાત સાહિત્યકાર)નું વક્તવ્ય એસ.કે.પટેલ એમ.બી.એ કોલેજ ગેટ નં.૨ કડી કેમ્પસ સે-૨૩ ગાંધીનગર ખાતે યોજાશે. આ અંગે વધુ માહિતિ માટે મનોજ કોરડીયા મો.૮૪૬૦૦૩૯૧૧૬ પર સંપર્ક કરવો.

## નશામાં ચકચુર દારૂડીયો લથડાતા પગે ઘરમાં ઘુસી ગયો !

### સે-૬ ના મકાનમાં અચાનક દારૂડીયો ઘુસી જતા મહિલા અને તેની દિકરી ઘરમાં પુરાઈ રહ્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવું નાગરીકોને લાગી રહ્યું છે. ગમે તે શહેરમાં ગમે ત્યારે માંગો તે બ્રાન્ડનો દારૂ સરળતાથી મળી રહે છે ત્યારે રાજયનું પાટનગર પણ તેમાંથી બાકાત રહેવા પામ્યું નથી. ગાંધીનગરમાં સરેઆમ દારૂડીયાઓ દારૂ પીને છાકટા બનીને ફરતા હોય છે. ત્યારે શહેરના સેકટર-૬ ખાતે જયા પોલીસ સ્ટેશન આવેલું છે ત્યાંથી માત્ર ૫૦૦ મીટરના અંતરે રાત્રીના સુમારે એક દારૂડીયો નાગરીકના ઘરમાં ઘુસી જતા ઘરમાં હાજર મહિલા અને તેની દિકરી ડરી ગયા હતા. આ દારૂડીયાના ડરના માર્યા દિકરીએ તેના પિતા આવ્યા તો પણ પંદર મિનીટ સુધી દરવાજો ખોલ્યો ન હતો.

શહેરમાં દારૂડીયાઓ દારૂ પીને માર્ગ વચાળે લથડીયા ખાતા હતા તે તો ઠીક છે પરંતુ હવે ઘરમાં ઘુસી જતા મહિલાઓની સલામતી સામે પણ સવાલો ઉભા થવા પામે છે. શહેરમાં દારૂબંધીના લીરેલીરા ઉડાડતી ઘટના બનવા પામી છે. જેમાં પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૬ શોંપીગ સેન્ટર પાસેના રહેણાંક વિસ્તારમાં ગત્ મોડી રાતે એક ચિક્કાર દારૂ પીધેલો દારૂડીયો ઘરની આગળનો ગેટ ખોલીને અંદર ઘુસી ગયો હતો. આ મકાનમાં આમ તો સપરિવાર રહેતો હોવાથી અન્ય નાગરીકો પણ હોય છે. પરંતુ ઘરના મોભીને બિમારીના કારણે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જેથી બે દિકરા અને પરિવારના સભ્યો ત્યાં હોસ્પિટલ ખાતે હતા. અને સે-૬ માં મહિલા અને દિકરી ઘરે હતા. તે સમયે અચાનક દારૂડીયો આવી જતા મા-દિકરી બંન્ને ગભરાઈ ગયા હતા અને ઘરના દરવાજા લોક કરી દીધા હતા. શું કરવું અને શું ન કરવું તેની અસમંજસમાં હતા. ત્યારબાદ થોડા સમય બાદ દિકરીના પિતા ઘરે જમવા માટે આવ્યા હતા ત્યારે દિકરીને દરવાજો ખોલવાનું કહેતા દિકરી અને તેની માતા એટલા ગભરાયેલા હતા કે કોઈ દરવાજો ખોલવા તૈયાર ન હતું આખરે પંદરથી વીસ મિનીટ બાદ દિકરીએ દરવાજો ખોલ્યો હતો અને તેના પપ્પાને દારૂડીયા અંગે વાત કરી હતી ત્યારબાદ મકાન માલિકે જોતા ખુણામાં દારૂડીયો બેઠો હતો. તેની પુછપરછ આકરી રીતે કરતા તે ભાગી ગયો હતો. પરંતુ સેકટરના રહેણાંક મકાન સુધી દારૂડીયા આવી રીતે ઘુસી જાય તે કિસ્સો લાલબતી સમાન છે.



તાલુકાના પેથાપુર ખાતે સ્વર્ગ સ્વપ્ન ફલેટની પાવનધરા પર શ્રી અંબેમા તથા ગોગા મહારાજની છબીની પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી તથા ૧૧ કુંડી નવચંડી હવન મહોત્સવ શ્રધ્ધાપૂર્વક યોજાયો હતો. જેમાં સોસાયટીના પરિવારજનોએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## આઈઆઈટીઈ ખાતે બે દિવસીય જ્ઞાનોત્સવ

ગાંધીનગર, તા.૧૪

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન દ્વારા જ્ઞાનોત્સવ-ગુજરાતનું આયોજન આગામી તા. ૧૫ અને ૧૬ ડિસેમ્બરના રોજ આઈઆઈટીઈ ગાંધીનગર કેમ્પસ ખાતે કરવામાં આવ્યું છે.

આ બે દિવસીય જ્ઞાનોત્સવ સત્રના ઉદઘાટક તરીકે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહેશે. જયારે મુખ્ય વકતા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહસર કાર્યવાહક મનમોહનજી વૈદ્ય ઉપસ્થિત રહેશે જયારે શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના રાષ્ટ્રીય સચિવ અતુલભાઈ કોઠારી વિશેષ ઉપસ્થિત રહેશે. આઈઆઈટીઈના કુલપતિ પ્રો. શશિરંજન યાદવના અધ્યક્ષસ્થાને યોજનાર આ કાર્યક્રમમાં અતિથિવિશેષ પદે બી.એમ. શાહ, ડૉ. શૈલેષ ઝાલા, ડૉ. બી.કે. જૈન અને ડૉ. જયંતિ રવિ ઉપસ્થિત રહેશે. બે દિવસીય જ્ઞાનોત્સવ દરમિયાન મહાનુભાવોના વકતવ્યો યોજાશે સાથે જ શાળાઓના પ્રયોગોની પ્રસ્તુતિ પણ કરવામાં આવશે.

શિક્ષણ સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા વિદ્યાલયથી લઈને વિશ્વ વિદ્યાલય સ્તર સુધી ભારતીય સમાજ વ્યવસ્થાને અનુરુપ મૂલ્ય શિક્ષણ આપતા આદર્શ પ્રતિમાન કેન્દ્રોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ન્યાસ દ્વારા શિક્ષણમાં નવા વિકલ્પનું પ્રારૂપ પણ તૈયાર કરવામાં આવ્યું છે. શિક્ષણ સંસ્કૃતિ ન્યાસ અને આઈઆઈટીઈના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કાર્યક્રમમાં દેશભરમાંથી ચિંતકો, શિક્ષણશાસ્ત્રીઓ, સંચાલકો, શિક્ષણ સંસ્થાના પ્રધાન આચાર્યો, પ્રાધ્યાપકો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ ભાગ લેશે. શાળાઓમાં થતા અભિનવ પ્રયોગો અને તેના પરિણામો દેશભરમાં પહોંચે તે માટે આ જ્ઞાનોત્સવમાં જોડાવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં હાઉસ પ્રમાણે ભગવદ ગીતાના શ્લોકગાન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ હાઉસ પ્રમાણે ભગવદગીતાના શ્લોકોનું ગાન તેમજ અનુવાદ કર્યો હતો. આ સ્પર્ધાનો મુખ્ય હેતુ બાળકોને ભગવદ ગીતાથી પરિચિત કરવાનો હતો. આ સ્પર્ધામાં સુભાષ હાઉસના વિદ્યાર્થીઓનો પ્રથમ નંબર આવ્યો હતો.



શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૮ના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ગીર ફાઉન્ડેશનમાં તા. ૧૧ અને ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ પ્રકૃતિના ખોળે આનંદ માણ્યો હતો તેમજ અલગ અલગ વનસ્પતિ, પ્રાણીઓ, પક્ષીઓ અને જીવ-જંતુઓ અંગે તેમના અવાજ, રંગ, કદ, રહેઠાણ વગેરે વિશે સમજ કેળવી હતી. વિદ્યાર્થીઓને આ શિબિરમાં યોગ દ્વારા અભ્યાસમાં એકાગ્રતા કેળવી પરીણામ લાવવાના સારા ઉપાય બતાવવામાં આવ્યા હતા. તેમજ જુદી જુદી સુટેવો કેળવી સંસ્કાર કેળવવા તેમજ પૌષ્ટિક ખોરાક લેવા માટે ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

### વનશ્રી ટ્રસ્ટ દ્વારા નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડેની ઉજવણી



૧૪મી ડિસેમ્બર એટલે નેશનલ એનર્જી કન્ઝર્વેશન ડે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા પ્રેરણા વિદ્યાલય ખાતે આ અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને એનર્જી અંગે માહિતી આપવામાં આવી હતી. જેમાં ઈકો કલબના ૭૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો. આ બાળકો લોકોને લાઈટનું મહત્વ સમજાવશે તેમજ ઓફિસ, સ્કુલ, કોલેજ અને હોસ્પિટલ જયાં વિજળીનો વ્યય થતો હશે તે અટકે તે માટે લોકોની માહિતી આપશે તેમ જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન વનશ્રી ટ્રસ્ટના સ્વયંસેવક ઉત્કર્ષ ગુપ્તા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના પ્રિન્સીપાલ મહેશભાઈ પટેલ તેમજ મનીષભાઈ ખત્રી દ્વારા સહકાર સાંપડયો હતો. આ પ્રસંગે ગાંધીનગર ડીસ્ટ્રીકટના ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવતે હાજર રહી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

## કોર્પોરેટ રનમાં કલ્પતરૂ પાવરના ૮૦ રનર્સે ભાગ લઈ મેડલ મેળવ્યો



ગાંધીનગર, તા.૧૪

રવિવારે અમદાવાદ ખાતે યોજાયેલી કોર્પોરેટ રનમાં ગાંધીનગરની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપનીના ૮૦ રનર્સે ભાગ લઈ ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે યોજાયેલી ટીસીએસ ફીટ ફોર લાઈફ રનમાં ચાર હજારથી વધુ રનર્સે ભાગ લીધો હતો. ૧૦ કિમીની આ રનમાં કલ્પતરૂ કંપનીના પ્રેસીડેન્ટથી લઈ એન્જિનીયર સુધીના ૮૦ જણાએ ભાગ લઈ જબરદસ્ત ટીમ ભાવના દર્શાવી હતી.

કલ્પતરૂના બસંત પરસારામકા, પ્રવીણકુમાર, સાત્વીક ત્રિવેદી, સ્ટીફન, મયુર થાનકી, સંજય થોરાત, નિકુંજ શુકલા, સંજય પટવા, પ્રવિણ નાયર, સંજય નાયી, કિર્તી ઠાકોર, મનહરસિંહ પરમાર, રૂદ્રપાલસિંહ વાઘેલા, કૃણાલ સોની, રાહુલ શાહ, અનિલકુમાર, મોહનીશ ભાવસાર, કૌશિક પારેખ, અભિષેક મહેતા, અવિનાશ ખંડેલવાલા, અજય કુંપાવત, પ્રતિક જાની, કિંજલ દરજી, નટુ પ્રજાપતિ, અમીતકુમાર, હાર્દિક ગજ્જર વગેરે રનર્સે ભાગ લઈ ૧૦ કિમી રનનો ફિનીશરનો મેડલ જીત્યો હતો.

## નિસર્ગ દ્વારા ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી સંપન્ન






ગાંધીનગર, તા.૧૪

૧૪ ડીસેમ્બર ઊર્જા સંરક્ષણ દિન તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર અને નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટરના ઉપક્રમે બી.એસ. શાહ માધ્યમિક શાળા, સાદરા તથા જ્ઞાનધારા શિક્ષણતીર્થ, સાદરા એમ બે શાળામાં ઊર્જા દિન અતંર્ગત 'ઊર્જા બચાવો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જીવનમાં ઊર્જાનું શું મહત્વ છે? ઊર્જાના પરંપરાગત સ્ત્રોતો અને બિનપરંપરાગત સ્ત્રોતોની સમજ આપી હતી તેમજ જો ઊર્જાનો સંયમપૂર્વક ઉપયોગ નહીં કરીએ તો આવનારા સમયની અંદર કેવું ઊર્જા સંકટ પેદા થશે તેની ગંભીરતા વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરી હતી. ઊર્જા કટોકટીમાંથી બહાર નીકળવા ઊર્જાનો વિવેકપૂર્વક ઉપોયગ અને સૂર્ય ઊર્જા, બાયોમાસ, પવનઊર્જા, ભૂ-તાપીય ઊર્જા, સમુદ્ર ઊર્જા જેવા સ્ત્રોતોનો ઉપયોગ અને તેની ટેકનોલોજીનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

ભારતમાં સૂર્ય ઊર્જા વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે ત્યારે સૂર્ય ઊર્જા આધારિત સોલર કૂકર, સોલર વૉટર હીટર, સોલર ડ્રાયર, સોલાર સ્ટીલ જેવા સાધનોનો બહોળો ઉપયોગ કરીને પરપંરાગત સ્ત્રોતો બચાવવા પર ભાર મુકવામાં આવ્યો હતો. તેમજ સરકાર દ્વારા ચાલતી સોલરરૂફ ટોપ યોજના થકી વિજળી બચાવવાના પ્રોજેકટની પણ સમજુતિ આપવામાં આવી હતી.

પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને ઊર્જા ફિલ્મ અને કવીઝ દ્વારા વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શિવાંગ પટેલે સમગ્ર કાર્યક્રમ દરમિયાન સહયોગ પૂરો પાડયો હતો.

## સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોનના ગુનામાં ૧૦ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૪

સીઆઈડી ક્રાઈમ ગાંધીનગર ઝોન પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતા-ફરતા મહેસાણા જિલ્લાના આરોપીને ગાંધીનગર એલસીબીની ટીમે ગ્રામભારતી પાસેથી દબોચી લીધો છે. એલસીબીની ટીમને બાતમી મળી હતી કે દસ વર્ષથી નાસતો ફરતો આરોપી ગ્રામભારતી પુનિતધામ જૈન દેરાસર ખાતે હાજર છે જેને આધારે વોચ ગોઠવીને આ આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે તેની ધરપકડ કરીને સીઆઈડી ક્રાઈમને સોંપવા કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સૂચનાથી તેમની એક ટીમે નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરીને તેમને પકડી પાડવા માટે પોતાના




બાતમીદારો સક્રિય કર્યા છે ત્યારે ગઈકાલે આ ટીમ દ્વારા વધુ એક નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. સીઆઈડી ક્રાઈમ તરફથી ગાંધીનગર એલસીબી ને નાસતા ફરતા આરોપીઓ ની યાદી અગાઉ મળી હતી. આ યાદી પૈકીનો એક છેતરપિંડીના ગુનામાં નાસતો-ફરતો આરોપી ચાવડા બાબુસિંહ લક્ષ્મણસિંહ (રહે. જૂની શેઢાવી, મહેસાણા) ગાંધીનગર જિલ્લાના ગ્રામભારતી પુનિતધામ જૈન દેરાસર ખાતે હાજર હોવાની બાતમી મળી હતી. દસ વર્ષથી નાસતા-ફરતા આરોપીની બાતમી હેડ કોન્સ્ટેબલ દિલીપસિંહને મળતા તેમની ટીમ સાથે તેઓ બાતમીવાળા સ્થળે પહોંચી ગયા હતા અને આરોપીને પકડી પાડ્યો હતો. આરોપીને પકડીને ગાંધીનગર એલસીબી કચેરી ખાતે લાવી પૂછપરછ કરતા તેણે એક જમીનના ખોટા દસ્તાવેજ કરીને પાવર ઓફ એટર્ની આધારે અન્ય કોઈને આ જમીન વેચી દીધી હોવાની વાત કરી હતી અને આ ગુનામાં આરોપી ત્યારથી નાસતો ફરતો હતો. એલસીબીની ટીમે આરોપી બાબુસિંહ ચાવડાની ધરપકડ કરીને સીઆઈડી ક્રાઈમને સોંપવા કવાયત શરૂ કરી છે.